# અમદાવાદ (ગ્રામ્ય) ના  પાંચમા જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં

सत्यमेव जयते

**ગુન્હોઃ ધી જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબ**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ મહે.ચાર્જશીટના કોલમ નં–૫ માં જણાવ્યા પ્રમાણેનો ગુનો કરી, પોલીસ કમિ. શ્રી, અમદાવાદ શહેરનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ધી જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ધી જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ધી જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–(અંકે એકસો રૂપીયા પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ એક દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે. જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય, તો ત.ક.અ. એ અથવા પોલીસ સ્ટેશનના સક્ષમ અધિકારીએ માલીકીની ખરાઈ કરી, મુદ્દામાલ પરત કરવો તથા મુદ્દામાલ પરત કર્યાની એક યાદી અત્રેની કોર્ટને કરવી.

આજ તારીખ–૧૪–મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સં ભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ:– નવરંગપુરા,અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
UIC NO GJ 01380

જી.એસ. મકવાણા